રમેશ ઠક્કર

નમસ્કાર ગાંધીનગર

પમરાટ

"ત્રણ વાનાં મુજને મળ્યાં:
હૈયું, મસ્તક, હાથ;
બહુ દઇ દીધું, નાથ!
જા, ચોથું નથી માગવું."

- ઉમાશંકર જોશી

Threefold Gift
Three things I was gifted: Heart, Head, Hands;
Gifted me abundantly, O Lord! Adieu, I don't ask (for) any fourth, (here it ends). (Tr. by Lalubha)

પાથેય

રોતા ઝરણાની આંખ લૂછતા કવિ...

ઉમાશંકર જોશીનો આજે જન્મદિવસ છે.એ ઉત્સવ બની જવો જોઈએ.પ્રજા તરીકે આપણે બહુ ઉદાસીન લોકો છીએ.આવા ઉત્તમ કવિ આપણી ભાષામાં હોય અને આપણે બહાર ભટકતા રહીએ એ પણ વિટંબણા જ ગણાય.ઉપરનું કાવ્ય જ જુઓ.બે ચાર પંક્તિમાં કવિએ કેવી ખુમારી પ્રગટાવી છે..આ ખુમારી એક યુગની હતી.ગુજરાતી પ્રજાના હાડમાં રહેલા સાહસની હતી..ગાંધીની ધરામાં રહેલા ગૌરવની હતી.આજે આવાં કાવ્યો કોઇ લખી શકે ? ઉમાશંકર એટલે જ યુગ કવિ છે..

એમના જન્મદિવસ નિમિત્તે કેટલીક અંતરંગ વાતો કરીએ.ઉમાશંકર જોશીને હું પ્રથમ વખત મળ્યો વડોદરાના કમાટી બાગમાં.સાથે યશવંત શુકલ પણ હતા.ઇ.સ ૧૯૮૪ની એ સાલ હશે.કોલેજિયન તરીકે અમે તો ફરવા ગયેલા પણ ગુજરાતી ભાષાના ગુરૂશિખર જેવા આ સારસ્વતો ત્યાં કેવી રીતે મળ્યા ?એનું આજે પણ વિસ્મય છે.પછી તો ઘણા સાહિત્યિક કાર્યક્રમોમાં એમને મળ્યો છું.ઇડર હતો ત્યારે પહેલી મુલાકાત એ શાળાની લીધેલી જયાં કવિ પન્નાલાલ પટેલની સાથે ભણેલા.બંને સાથે રહેતા એ બોર્ડિંગ પણ જોઇ હતી.. ઉમાશંકર જોશી ગુજરાતી ભાષાનું ગૌરવ છે..એમનો આજે જન્મદિવસ છે..૨૧/૭/૧૯૧૧ના રોજ ઇડર તાલુકાના બામણા ગામમાં એમનો જન્મ..એ વિસ્તારમાં અઢી વરસ રહયો.અને આટલી તાલાવેલી હોવા છતાં એમનું ગામ જોવાનું રહી જ ગયું..પણ એમને મન તો આખું ગુજરાત પોતાનું હતું..એટલે જ એમણે ગાયું "મળતાં મળી ગઇ મોંઘેરી ગુજરાત..ગુજરાત મોરી મોરી રે..' એ જન્મ્યા પંડિતયુગમાં પણ ગાંધીયુગ એમનાથી શરૂ થયો..સાહિત્યમાં એ ગાંધીયુગના પ્રમુખ કવિ તરીકે ઓળખાય છે..૧૯ ડિસેમ્બર ૧૯૮૮ના રોજ એ સ્વર્ગવાસી થયા ત્યારે ગુજરાતી સાહિત્યનો અનુઆધુનિક યુગ ચાલતો હતો..અને છેક૧૯૮૫ સુધી આપણી ભાષામાંથી જ્ઞાનપીઠ એવોર્ડ મેળવનારા એ એકમાત્ર ગુજરાતી સાહિત્યકાર હતા...પંડિતયુગથી આધુનિક યુગ સુધીની પ્રલંબ યાત્રા કરનારા ઉમાશંકર જોશી એક પ્રચંડ પ્રતિભા હતા..

કવિને યાદ કરવા માટે એમની કવિતાથી વધીને બીજી કોઇ ઓળખ ના હોઇ શકે...મને ગમતું એમનું એક કાવ્ય..

ભોમિયા વિના મારે ભમવા'તા ડુંગરા જંગલની કુંજ કુંજ જોવી હતી
જોવી'તી કોતરો ને જોવી'તી કંદરા રોતા ઝરણાની આંખ લ્હોવી હતી..
સૂના સરવરિયાની સોનેરી પાળે હંસોની હાર મારે ગણવી હતી
ડાળે ઝૂલંત કોક કોકિલાને માળે અંતરની વેદના ગણવી હતી.
એકલા આકાશ તળે ઊભીને એકલો પડઘા ઉરબોલના ઝીલવા ગયો
વેરાયા બોલ મારા,ફેલાયા આભમાં એકલો અટૂલો ઝાંખો પડયો
આખો અવતાર મારે ભમવા ડુંગરિયા જંગલની કુંજ કુંજ જોવી ફરી
ભોમિયા ભૂલે એવી ભમવી રે કંદરા અંતરની આંખડી લ્હોવી જરી.

તુકબંધી,પ્રાસાનુપાસ,ઝાંઝવાં,બેવફાઇ દાદ કે ફરિયાદમાંજ અટકી જતા આજના કવિઓએ ઉમાશંકરનું ભાવવિશ્વ જોવા જેવું છે..રોતા ઝરણાની આંખ લ્હોવી એ જેવી તેવી સંવેદના નથી..આપણે માશૂકાની આંખથી આગળ વધી શકતા નથી..કવિએ આખરે તો અંતરની આંખડીને લ્હોવાની હોય છે..કવિની આ વાત આત્મસાત કરીએ એ જ એમના જન્મદિવસે સાચી પ્રાર્થના હોઇ શકે..

ચારણી લોકકાવ્ય સૌંદર્યનો ભાતીગળ પરિચય

ક્ષણના ચણીબોર
વી. એસ. ગઢવી

'મોરના ઈંડા ચીતરવા ન પડે' તેવી એક કહેવત આપણે ત્યાં જાણીતી થઇ છે. જીવનની અનેક સારી બાબતો કુટુંબના સંસ્કારના કારણે સહેજે ઉમેરાય છે. આવી બાબતો વ્યક્તિની પ્રકૃતિનો સહજ ભાગ બની રહે છે. આ બાબત મારા સાથી અને સાહિત્ય સર્જક-ભાઈ પ્રવીણ ગઢવીને લાગુ પડે છે. પ્રવીણભાઈના પિતા ખેતસીંહજી ચારણી સાહિત્યના સમર્થ વિદ્વાન હતા. તેમની પ્રતિભા એવી હતી કે ગુજરાત તેમજ રાજસ્થાનના તત્કાલીન કવિઓ-સાહિત્ય સર્જકો સ્નેહબંધનથી ખેંચાઈને ખેતસીંહજીના મહેમાન થતા હતા. આથી પ્રવિણભાઈનું ઘડતર સાહિત્યના આ વટવૃક્ષ હેઠળ થયું. સર્જનના સંસ્કાર ત્યાંથી જ પાંગર્યા અને સતત વિકસતા રહ્યાં. સાહિત્યના અનેક પુસ્તકો તથા ચારણી સાહિત્યની હસ્તપ્રતોથી ખેતસિંહજીનું ઘર શોભતું હતું. બાળક કે કિશોરના માનસ પર સ્વાભાવિક રીતે જ આ ઉજળા વારસાનો પ્રભાવ ઉભો થાય છે. પ્રવીણભાઈના મોટાભાઈ બનેસિંહજી એક અભ્યાસુ તથા સક્રિય અધ્યાપક અને તેથી શિક્ષણના મહત્વની વાત પણ પ્રવિણભાઈને અનાયાસે જ સમજવા મળી.

પ્રવીણભાઈના જીવનનો એક મહત્વનો હિસ્સો એ સરકારી સેવાનો રહ્યો. મહેસુલી તંત્રની આંટીઘૂંટીઓ તેઓ સારી રીતે સમજી શક્યા અને તેમાં નામના પણ પ્રાપ્ત કરી. આ સંદર્ભમાં તેમનું એક મહત્વનું કાર્ય જે હંમેશા યાદ આવે છે તે સરકારી કામોની વ્યસ્તતા વચ્ચે અમરેલીમાં ઉભું કરેલું કવિ કલાપીનું સ્મારક-સંગ્રહાલય છે. ગુજરાત જે સર્જક માટે ગૌરવનો ભાવ અનુભવે છે તેવા કવિ કલાપીની સ્મૃતિને વિશેષ ઉજાગર કરવા પ્રવિણભાઈએ આ કાર્ય સ્વયં પ્રેરણાથી કર્યું. તેઓ અમરેલી જિલ્લા કલેક્ટર હતા ત્યારે તેમને આ કવિ તર્પણના ઉમદા કાર્યનો વિચાર આવ્યો. 'સ્વાંતઃ સુખાય' થયેલું આ કામ પણ રાજ્યના અનેક આગેવાનો તથા અધિકારીઓએ બિરદાવ્યું છે. બહુ ઓછા સરકારી અધિકારીઓ આવું નિર્માણનું કાર્ય કરવા ભાગ્યશાળી થતાં હોય છે. આ કાર્ય પોતે કર્યું છે તેનો કોઈ ઉલ્લેખ પણ કરતા તેમને જોયા નથી. એ તેમના વ્યક્તિત્વની ખૂબી છે.

પ્રવીણભાઈના એક પુસ્તક "ચારણી લોકકાવ્ય સૌંદર્ય"માંથી પસાર થવાની તક મળી. આ પુસ્તક પ્રવિણભાઈએ લખેલા તેમજ સામયિકોમાં છપાયેલાં રુચિપૂર્ણ લેખોનો સંગ્રહ છે. ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્રના સહયોગથી આ પુસ્તક પ્રસિદ્ધ થયું છે. (રન્નાદે પ્રકાશન:૨૦૨૦) ચારણી લોકકાવ્યની એક વિશિષ્ટ સૌંદયર્દ્રષ્ટિનો પરિચય આ પુસ્તકમાંથી વાચકને થાય છે. રજૂઆત સરળ તથા સુયોગ્ય દ્રષ્ટાંતોથી ભરપૂર છે. દેશમાં મહાત્મા ગાંધી પ્રેરિત જે સ્વાતંત્ર્ય સંગ્રામ ચાલ્યો તેમાં કવિઓનું વિશેષ પ્રદાન રહ્યું છે. પરંતુ બ્રિટિશરો સાથે ગાંધીજી આવતા પહેલા થયેલા અનેક ઘર્ષણોમાં કેટલાક નેકટેકની ખેવનાવાળા ચારણ કવિઓએ સમાજના નૈતિક જુસ્સાને જાગતો રાખ્યો છે. તેમનો હેતુ નિઃસ્વાર્થભાવે વીરત્વને બિરદાવવાનો હતો. આવું કાર્ય કરવામાં શાસકની ખફગીનો ભોગ બનવું પડે તેવો પણ દેખીતો ભય હતો. આમ છતાં રાષ્ટ્ર પ્રત્યેની નિષ્ઠાના કારણે આ કવિઓએ પોતાની મુશ્કેલીઓની અવગણના કરી. મેવાડના રાજ્યકવિ કેશરીસિંહજી બારહઠ્ઠ તેનું એક ઉજળું ઉદાહરણ છે. કેશરીસિંહજીએ મહારાણા પ્રતાપની પ્રશંસા કરતા લખ્યું હતું:

પગ પગ ભમ્યા પહાડ,
ધરા છાંડ રાખ્યો ધરમ.
મહારાણા અરુ મેવાડ
હૃદયે બસિયા હિન્દરે.

કવિના યુવાન પુત્રને બ્રિટિશ સત્તાએ રાજદ્રોહના ગુના માટે કસૂરવાર ઠેરવી આકરા કારાવાસની સજા કરી. ગુલાબનું આ ફૂલ અકાળેથી જ કરમાઈ ગયું. કવિ આ ઝેરનો ઘૂંટડો પણ સ્વસ્થતાથી ઝીરવી ગયા. આવું જ એક અન્ય ઉદાહરણ કવિ દુરશાજી આઢાનું છે. બાદશાહ અકબરના દરબારમાં પ્રતિષ્ઠાભર્યું સ્થાન ભોગવતા કવિ દુરશાજી આઢા શહેનશાહની ઉપસ્થિતીમાં જ મહારાણા પ્રતાપની પ્રશંસા પોતાની કાવ્યબાનીમાં કરે છે તે ચમત્કારથી ઉતરતી ઘટના નથી. કવિરાજ શહેનશાહ અકબરને કહે છે.

અકબર ઘોર અંધાર,
ઊંઘાણા હિન્દૂ અવર
જાગે જગતાધાર
પહોરે રાણ પ્રતાપસી

બાદશાહને કવિ સંભળાવે છે કે આપના શાસનના પ્રભાવ હેઠળ હિન્દુસ્તાનના અનેક રાજવીઓ નિષ્ક્રિય થઈને ચુપચાપ બેઠાં છે. પરંતુ દિવસ-રાત્રી જાગ્રત રહીને સંગ્રામના ભીષણ ક્ષેત્રમાં મહારાણા પ્રતાપ તમારી સામે ઉભો છે. હિન્દુસ્તાનના અનેક રાજવીઓની નેકટેક આ નરવીરે જાળવી છે.

ચારણી કવિતાઓનો ઘસમસતો પ્રવાહ રાજા-રજવાડાઓ તરફ ગયો છે. આમ છતાં તેનો વ્યાપ તેટલામાંજ મર્યાદિત રહ્યો નથી. સમાજના અનેક સામાન્ય જનોના ગુણોને આ સાહિત્ય દ્વારા બિરદાવવામાં આવ્યા છે. વીરતા એ ઈશ્વરનો મળેલો આશીર્વાદ છે.વીરતાના ગુણને કોઈ નાત જાત કે જાતિ સાથે સબંધ નથી, આથી જ લાજ અને ધર્મ જાળવવા માટેની લડાઈમાં જોગડાના સ્વૈચ્છિક બલિદાનની વાત લોકકવીએ કરી છે:

આગે છેલ્લી ઉઠતો,
પેલો ઉઠ્યો પાંત.
ભુપોમાં પડી ભ્રાન્ત,
જમણ અભડાવ્યું જોગડા.

કવિ કહે છે કે જોગડાની ગણતરી સમગ્ર સમાજ છેલ્લે કરતો હતો. પરંતુ જયારે વીરતા દાખવીને બલિદાન આપવાનો આકારો સમય સામે આવ્યો ત્યારે વીર જોગડો સૌને પાછળ રાખીને આગળ ચાલ્યો. પોતાની શહીદીથી વીરત્વની પ્રતિષ્ઠા કરી. ચારણ કવિઓને વર્ષાઋતુના સૌંદર્ય સાથે એક વિશેષ નાતો રહ્યો છે. અહીં આ સંદર્ભમાં એક સુંદર દોહાનો ઉલ્લેખ થયો છે.

બરખા રીતુ આઈ જસુ
મંગળ ગાવત મોર
સાવન ભાદો કે દિના
ચપલ ચમંક ચહુઓર

ઇતિહાસની ખૂટતી કડીઓ પણ ચારણી સાહિત્યમાંથી મળી રહે છે. કર્નલ ટોડે પોતાના વિસ્તૃત સારસ્વત કાર્યમાં આ સાહિત્યને ઉપયોગી ગણાવ્યું છે. પ્રવીણભાઈના અધ્યયન થકી ચારણી સાહિત્યની અનેક બાજુઓ પ્રકાશનમાં આવે છે. પ્રવીણભાઈ એટલા જ ઊંડા કમિટમેન્ટ સાથે સમાજના ઉપેક્ષિત વર્ગોની સમસ્યાઓ અંગે પણ સતત લખતા રહે છે. સમાજમાં જન્મ આધારિત કે જ્ઞાતિના ધોરણે કોઈ બેવડા માપદંડ હોય તો આવા સમાજને સ્વસ્થ ગણી શકાય નહિ. પ્રવિણભાઈનું આ વિષયમાં યોગદાન પણ અનેક લોકો આદર સાથે સ્વીકારે છે. સમસ્યા સામે શાહમૃગવૃત્તિ કેળવવાને બદલે આવી વાસ્તવિક સ્થિતિને સમજીને તેમજ તેનો સ્વીકાર કરીને ઉકેલવી વધારે યોગ્ય છે. પ્રવિણભાઈની શબ્દ-ઉપાસના સતત ચાલતી રહે તેવી શુભેચ્છા વ્યક્ત કરીએ.

અધિક માસ અને અંકલનું એકટાણાં પુરાણા !!

હળવે હૈયે
પ્રકાશ લાલા

રોજ ફ્રી ઓફ ચાર્જ 'મોર્નિંગ ટી' માટે અમારે ત્યાં સવારે નવ વાગ્યે અચૂક આવી જતા લાલાકાકાની સવારી મોડી પડતા અમને આશ્ચર્ય થયું. એટલે જેવા એમને ઝાંપામાં પ્રવેશતા જોયા કે અમારાથી પૂછાઈ ગયું : 'અંકલ, કેમ આજે તમારી ગાડી લેઈટ થઈ?'

લાલાકાકા જેનું નામ. અમારા પ્રશ્નરૂપી બોલને તરત જ અમારી તરફ ફટકાર્યો : 'લેટ પડેલી ગાડીને પહેલાં એના પ્લેટફોર્મ ઉપર બરાબર પાર્ક તો થઈ જવા દો. પછી રિપોર્ટ કરેને !' અને પછી ઓટલે આવી, પોતાની રોજિંદી બેઠક - હિંચકે અમારી બાજુમાં ગોઠવાઈને લાલાકાકાએ કહ્યું : 'પનુભાઈ, મારું સમયપત્રક બદલાયું છે.'

'સમયપત્રક !'

'હા, ટાઈમટેબલ. જેમ આપણે ત્યાં રેલવે ટ્રેઈન અને એસ.ટી. બસોનાં સમયપત્રકો ઉનાળા ને શિયાળામાં બદલાતાં હોય છે એમ આ તમારા કાકાની ગાડી માટે તમારી કાકીએ અધિક મહિનાનું ટાઈમટેબલ જાહેર કર્યું છે.'

'અંકલ, કંઈ સમજાય એવું કહો....'

'તો પહેલાં તમે અંદર આ માટે કહો. પછી હું તમને સમજાય એમ વાત કરું.'

રેડ અંકલે મૂકેલી શરત મુજબ અમે શ્રીમતીજીને બૂમ મારી : 'કહું છું... લાલાકાકા આવી ગયા છે, હોં.'

એ સાંભળી 'ચા મળશે' ની ધરપત અનુભવતા અંકલ બોલ્યા : 'જુઓ, અધિક માસમાં પુણ્ય કમાવા તમારી અંકલીએ - સોરી કાકીએ કડક ફરમાન બહાર પાડ્યું છે એ મુજબ મારે સંપૂર્ણ અધિક માસ દરમિયાન સવારે પહેલાં એની સાથે મંદિરે દર્શન કરવા જવાનું છે....'

'જોડે જોડે સજોડે દેવદર્શનની વાત તો સારી જ કહેવાય. પણ પહેલાં અહીં આવી, ચા પીને પછી મંદિરે જવાનું રાખવાનું સમયપત્રક ગોઠવવાનું કાકીને કહોને, કાકા.' અમે સજેશન કર્યું....

'ના, ભાઈ, ના.... તમારી કાકી કહે છે કે 'એકવાર તમારો ટાંટિયો ઘર બહાર નીકળે છે પછી તમને પાછા ઝટ ઘરે આવવાનું કયારેય યાદ આવતું નથી એનો આટલાં વર્ષોનો મને પાકો અનુભવ છે એટલે પહેલાં મંદિરે જઈને પછી જ તમારે બીજે જવાનું છે....''

કાકીની વાત પણ સાચી છે.. મંદિરમાં ભગવાન તમારી રાહ જોતા કયાં સુધી બેસી રહે, હેં !' અમે ગમ્મત કરી.

'હા, એમ જ. એટલે સૉરી મનુભાઈ, હવે અધિક માસ પૂરતી આપણી મોર્નિંગ મુલાકાત રોજના ટાઈમ કરતાં દસેક મિનિટ મોડી થશે.... ચલાવી લેજો....'

અમે પ્રશ્ન કર્યો : પણ, અંકલ તમે રોજ રોજ મંદિરે જવામાં કયા માનો છો ?

'સાચી વાત છે તમારી. હું તો નથી જ માનતો... પણ તમારી કાકી એમાં માને ઓછે અને એનું કરેલું તો મારે માનવું જ પડે ને !'

'હા, હોં, કાકા.... કરીએ હાજી... હાજી તો વાઈફ રહે રાજી... રાજી...., રાઈટ?'

'એકદમ રાઈટ, પનુભાઈ. એટલામાં જ શ્રીમતીજી ચા લઈને આવ્યાં. હવે લક્ષવેધી અર્જુનની માફક અંકલ પોતાનું સમગ્ર ધ્યાન પોતાના લક્ષ - ચાના કપ ઉપર કેન્દ્રિત કર્યું.

'કહું છું, એક બ્રેકિંગ ન્યૂઝ છે !' અમે અમારાં શ્રીમતીજીને કહ્યું : લાલાકાકાએ અધિક મહિનો કર્યો છે.'

'વાહ.... અધિક માસ તો પુણ્ય કમાઈ લેવાનો મહિનો કહેવાય. બધાંએ આ માસમાં જપ- તપ - દેવદર્શન - ઉપવાસ કરવા જ જોઈએ.' શ્રીમતીજીએ અમેન ટાર્ગેટ કરીને કહ્યું ને પૂછ્યું : 'તમે શું કરવાના, કાકા ?'

'રોજ સવારે નાઈ-ધોઈ પહેલાં તમારી કાકી જોડે મંદિરે જવાનો....'

'સરસ.... સજોડે મંદિરે જઈ પ્રભુદર્શન કરવા જેવું ઉત્તમ કોઈ કાર્ય નથી....' શ્રીમતીજીએ પોતાનો મક્કમ મત વ્યક્ત કર્યો.

'હં... એ ઉત્તમ કામ મારે કરવું પડે છે, પરાણે.... તમારી કાકીને કારણે....' અંકલે કહ્યું.

ખાલી કપ લઈને જતાં જતાં શ્રીમતીજીએ કહ્યું : 'આમ ને ય અધિક મહિનો જ છે.'

'એમ ? તે પનુભાઈ, તમાયે રોજ મંદિરે જવાનું રહેશે, કાં ?'

'હા... પણ હું તો સાંજે જ જઈશ... હિંડોળાનાં દર્શનનો લાભ મળે ને... '

'હં. ને.... ઉપવાસ એકટાણા કરવા પડશે ?'

'હા, કાકા હોમ મિનિસ્ટરનો આદેશ છે કે અધિક માસમાં આપણે બંનેએ એક ટાઈમ જ જમવાનું છે....'

'પનુભાઈ, તમારી કાકી પણ એવું જ કહે છે.... યાર, સવારે મંદિરવાળી વાત સમજ્યા પણ સાંજે જમવાનું નહીં એ અઘરી વાત છે. અધિક મહિનામાં જમવા માટેના એક ટાણાં નહીં, અધિક ટાણા, હોવા ના જોઈએ ?' રેડ અંકલે કેટલાય દિવસના ભૂખ્યા હોય એવા ઢીલા અવાજે ને ઉદાસ વદને જણાવ્યું.

'સાચી વાત છે. મારાથીય ભૂખ્યા નથી જ રહેવાતું ને ફરાળી વ્યંજનો માફક નથી આવતાં..... પણ શું થાય ? ભૂખે મરવાનું બીજું શું ! અને ડર એ છે કે આ માસમાં એકટાણાં કરીશ તો પછી શ્રાવણમાં ય શ્રીમતીજી નહીં છોડે....' મતલબ કે ડોશી મર્યાનો ડર નથી, ડમ ઘર ભાળી જાય એનો ભય છે, ખરું ને, પનુભાઈ ?' અંકલ બોલ્યા. પછી પનુભાઈ, આમ તો કહે છે કે કાયમ એક ટંક નહીં ખાવાથી દુનિયામાં કોઈ ભૂખે મરી ગયાનું નોંધાયું નથી.... પણ આપણે રિસ્ક શું કામ લેવું, હેં ? આવું કહીને અંકલે અમેન સપોર્ટ કર્યો કે અમારી મશ્કરી કરે એ સમજાયું નહીં....

ચા પીવાનો સવારનો અંકલ માટેનો રાષ્ટ્રીય કાર્યક્રમ સુખેથી સંપન્ન થઈ ગયો હોવાથી 'આવજો, કાલે મળીએ,' કહીને લાલાકાકા ઉપડી ગયા... બે-ત્રણ દિવસ નવા ટાઈમ ટેબલ મુજબ બધુ બરાબર ચાલ્યું.... ચોથા દિવસે રેડ અંકલ આવ્યા ત્યારે એકદમ મૂડમાં હતા. એ જોઈ અમે પૂછ્યું : શું વાત છે, કાકા.... આજે ફૂલ મૂડમાં છો ને કંઈ !

'વાત જોરદાર છે, ભાઈ....'

'કહો તો ખરા....'

તારી કાકીએ મને એકટાણાં કરવામાંથી મુક્તી આપી દીધી છે...' બોલતાં બોલતાં લાલાકાકાના મોં ઉપર, કોઈ કેદીને જેલમાંથી મુક્તિ મળી જાય ને એ જેવો ખુશ થઈ ઊઠે એવી ખુશી છલકાઈ ઊઠી.

'શું ?' અમે ડબલ આશ્ચર્યથી પૂછ્યું : 'અભિનંદન, અંકલ પણ આ થયું શી રીતે ? કઈ રીતે થયો આ ચમત્કાર?'

'ચમત્કાર વગર નમસ્કાર કયાં થાય છે ?'

'એટલે ?'

'અરે પનુભાઈ, કાલે બપોરે તમારી કાકીએ સોંપેલું કોઈ કામ કરતાં કરતા એમ જ મારા પગ થોડા લથડ્યા ને હું પડતાં પડતાં રહી ગયો.... આ જોઈ ચિંતાથી તમારી કાકીએ પૂછ્યું કેં શું થયું ? તબિયત બરાબર નથી ? એટલે મેં તક ઝડપી લઈ નાયક કર્યું કે તબિયત તો ઠીક છે.... પણ કદાચ એક જ ટાઈમ જમવાના લીધે અશક્તિ આવી ગઈ હશે....'

'તો કાકીએ કહ્યું નહીં કે રોજ ફરાળ તો કરો છો ને....'

'હા ભાઈ..... હા, એણે એમ જ કહ્યું. મેં નાટક ચાલુ રાખતા કહ્યું કે એટલું ફરાળ પૂરતું નથી થતું હોય એટલે જ અશક્તિ આવી ગઈ છે... લાગે છે કે એકટાણાં કરવાં હશે તો મારે રોજે રાત્રે પાકું ને ખૂબ પ્રમાણમાં ફરાળ કરવું પડશે...'

'અચ્છા, તો પછી કાકીની શી પ્રતિક્રિયા હતી .'

'તમારી અંકલીએ કંટાળીને કહ્યું કે ફરાળ એટલે ફળનો આહાર... એ આટલું જ હોય.... એટલે ભૈસાબ તમે એકટાણાં રહેવા જ દો.... આપણું તો કામ થઈ ગયું...'

'જોરદાર કાકા... '

'પનુભાઈ, તમેય આ ઉપાય અજમાવી જુઓ.....'

ત્યાં જ અંદરથી ઓટલે પ્રગટ થયેલાં શ્રીમતીજી બોલી ઊઠ્યાં : 'મેં કાકાની વાત સાંભળી લીધી છે એટલે તમે તો એવું નાટક કરતા જ નહીં.... તમારે એકટાણાં કરવાનાં જ છે...'

'પનુભાઈ, ઓલ ધી બેસ્ટ....' હળવેથી કહીને રેડ અંકલ રવાના થઈ ગયા...

ઝાંઝરે વળગ્યું બાજરિયું !

અમર વારસો
ડૉ. રશ્મિકાન્ત મહેતા

સાંકળ ખખડી. રઘુને થયું - 'કોઈક આવ્યું છે.' એણે પત્ની સુમી સામે જોયું. પછી નવ વરસની દીકરી ઉષા સામે જોયું. ઉષા દોડી. સાંકળ ઉતારી. બારણું ખોલ્યું. બારણે પચ્ચીસેક વરસની એક સન્નારી ઊભી હતી.

એણે પોતે જ વિસ્મયનો પડદો ઉઠાવી લીધો. કહ્યું - 'મારું નામ ઉમા છે. આ તમારું બાજરીના પાકથી લહેલહાતું ખેતર વીંધીને આવી છું. હું અનાથ છું. મને આશરો આપો. અધિક મહિનો શરૂ થયો છે. તમે તમારું ધરમ ધ્યાન ચાલુ રાખો. હું ઘરને સાચવી લઈશ. મને ખાલી એક ટંક ખાવાનું આપજો.' રઘુએ કહ્યું, - 'આવી જા બહેન. આ તારું જ ઘર છે. તારાથી થાય, એટલું કામ કરજે, નીરાંતે રહે.' ઉમા રાજી થઈ ગઈ. દૂધમાં સાકર ભળે, એમ પરિવારમાં ભળી ગઈ.

કોણ હતી આ ઉમા ? ભગવાન શંકર અને દેવી પાર્વતી આ ખેતર ઉપરથી પસાર થતા હતા. એમાં બાજરિયું પાર્વતીના ઝાંઝરમાં ભરાઈ ગયું. દેવીએ કાઢી લીધું, પરંતુ એમાં મીઠાં અને કૂમળા દાણાને ખાવાની એને મઝા પડી ગઈ. ખાઈ લીધા પછી, ભગવાને દેવીને કહ્યું, 'તમે પાપ તો કર્યું જ છે. માલિકને પૂછ્યા સિવાય તમે આ બાજરીના દાણા ખાધાં છે. એનું પ્રાયશ્ચિત તો તમારે કરવું જ પડે. આના જેટલા દાણા હોય, એટલા દિવસ આના માલિકના ઘરે ઘરકામ માટે રોકાઈ જાવ. અંદાજે ત્રણસો પાંસઠ દિવસ ગૃહસેવાના થાય.' દેવી પાર્વતીએ હર્ષભેર આ પ્રાયશ્ચિતનો સ્વીકાર કરી લીધો - એ હતી ઉમા ! એના સારા પગલે, માત્ર રઘુની નહિ, આખા ગામની સમૃદ્ધિ વધવા લાગી.

મહિનો પૂરો થયો. રઘુ અને સુમીએ હવે ઊજવણું કરવાનો નિર્ણય લીધો. આખા ગામના બ્રાહ્મણોને નોતરામાં મોકલ્યા. ઉમાએ આખે આખ્યા રસોડા ને સાચવી લીધું. બ્રાહ્મણો પ્રેમથી જમ્યા. આશીર્વાદ આપીને છૂટા પડ્યા.

વરસ પૂરું થવા આવ્યું. ગામમાંથી સંઘ કાશીની જાતરાએ જતો હતો. ઉમાએ કહ્યું, - ભાઈ ! તમે ભાભીને લઈને જાવ. હું ઉષાને સાચવી લઈશ. ઘર સંભાળી લઈશ. પરંતુ આ ચૂંદડી તમને આપું છું. તમે ગંગામૈયાને ચડાવી દેજો.'

રઘો અને સુમીએ ચૂંદડી લીધી અને રાજી થઈને પ્રસ્થાન કર્યું.

કાશી પહોંચી ગયા. રઘુ અને સુમીએ ગંગા મૈયાને પ્રણામ કર્યા, પૂજા કરી. અને ચૂંદડી ધરી. તો એ બંનેને ખૂબ આશ્ચર્ય થયું - વહેતા ગંગાપ્રવાહમાંથી માત્ર બે હાથ જ બહાર આવ્યા - રત્નોથી જડાયેલા કંકણોથી શોભતા હતા ! રઘુ અને સુમી એ અશ્રુથી ઊભરાતી આંખે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. બંને હાથોએ ચૂંદડી સ્વીકારી લીધી.

સંઘ ગામમાં પાછો ફર્યો. વરસ થયું હતું. ઉમાએ સુમીને કહ્યું - 'મારા ભઈલા ને હું ભાથું દેવા ખેતરે જઈશ.'

બસ. ઉમા હવે પાછી ન ફરી. પરંતુ દેવી પાર્વતી પ્રત્યક્ષ થયા - પરિવારને આશીર્વાદ આપ્યા. ઉષાએ કહ્યું - હે મા ! રક્ષાબંધન આવશે. મારે કોઈ ભઈલો નથી. માતાએ મર્માળુ સ્મીત કર્યું, સુમીને, પૂરે મહિને, લાખ લાખેણો દીકરો જન્મ્યો !